# પૂ. લાલચંદભાઈના પ્રવચનો
## પ્રવચન નં :- ૬
## તા:-૧૮-૮-૮૭
## શ્રી સમયસારજી ગાથા નં : - ૩૫૬ થી ૩૬૫. હિંમતનગર.

શ્રી સમયસારજી પરમાગમ શાસ્ત્ર છે. તેનો સર્વવિશુધ્ધજ્ઞાન અધિકાર ગાથા ૩૫૬ થી ૩૬૫. વિષય એવો સુંદર ચાલે છે. કે આ આત્મા છે તે કેવળ જાણનાર-દેખનાર છે. ચેતયિતા છે જાણનારો આત્મા છે. તે આત્મા કરનાર નથી. રાગાદિનો, કર્મનો કે નોકર્મનો ભગવાનઆત્મા કરનાર નથી પણ કેવળ માત્ર જાણનાર આત્મા છે.

જાણનાર સુધી આવ્યો અને પરપદાર્થને જાણવા રોકાણો, એ તેનું અજ્ઞાન છે. પોતાને ભૂલી ગયો. જ્ઞાન જેનું છે તેને તો જાણ્યો નહીં અને જ્ઞાન જેનું નથી તેને જાણવા રોકાણો. તે પણ તેનું અજ્ઞાન છે. તો હવે એ જ્ઞાન દ્વારા પોતાનો આત્મા કેમ જાણી શકાય એની વિધિ આમાં બતાવવામાં આવી છે. કેમકે પ્રથમ આત્માને જાણ્યાસિવાય ધર્મની શરૂઆત ત્રણકાળમાં થતી નથી. એ આત્મા પોતાનો જાણનાર છે અને જાણનારો જ આત્મા જણાય છે તેમાં પરપદાર્થ જણાતો જ નથી એમ વ્યવહારનો જયારે નિષેધ આવે, પરપદાર્થને જાણવું તે વ્યવહાર છે. તેનો પ્રથમ નિષેધ આવે કે હું (પરને) જાણતો નથી. ત્યારે એ જ્ઞાન પરથી ખસીને અંદરમાં આવતાં પોતાનો આત્મા પોતાને જ્ઞાનમાં અનુભવમાં જાણવામાં આવે છે.

તેમાં અટકયો છે કે હું પરને જાણું છું એવી બુધ્ધિ જયાં સુધી છે ત્યાં સુધી એનું જ્ઞાન બહિર્મુખ રહ્યા કરે છે. આને જાણું, આને જાણું, આને જાણું, આને જાણું એમ પરને જાણવાની ઈચ્છા ઉત્પન્ન થયા કરે છે. પરને જાણવાની ઈચ્છા જયાં સુધી રોકાતી નથી ત્યાં સુધી તે જ્ઞાન અંતરમાં વળતું નથી. બહિર્મુખ રહે છે. પરને જાણવાની ઈચ્છાનો નિરોધ જયારે થાય ત્યારે એ જ્ઞાન પરને જાણવાથી પાછું વળી જાય છે. પાછું વળી જાય છે. અને એ જ્ઞાનમાં એમ આવે કે મને તો મારો જ્ઞાયક આત્મા જ જણાય છે, બીજું કાંઈ જણાતું જ નથી. એમ પરને જાણવાના વ્યવહારનો નિષેધ કરીને એક મારો આત્મા જ મારા જ્ઞાનમાં જણાય રહ્યો છે અને એ જ જાણવા જેવી વસ્તુ છે. એને જાણતા અંતરમાં જ્ઞાન પણ પ્રગટ થાય અને સુખ પણ પ્રગટ થાય. મોક્ષનો માર્ગ પ્રગટ થાય.

એમ પોતાના આત્માને-આત્માને જાણવાનો જયારે પક્ષ આવશે કે મને તો મારો આત્મા જ જાણનાર જણાય છે પણ પરપદાર્થ જણાતા નથી. ત્યારે તેને વ્યવહારનો પક્ષ છૂટે છે. મારો નિજપરમાત્મા જ્ઞાનદર્શનમય આત્મા મારા જ્ઞાનમાં જણાય છે, કેમકે જ્ઞાન આત્માનું છે અને એ જ્ઞાનમાં

આત્મા જ જણાય છે એમ એક વખત નિશ્ચયમાં પક્ષમાં જો એ આવી જાય તો તેને જાણનાર જણાય છે એવો જે ભેદ, આત્મા આત્માને જાણે છે એવો ભેદ નીકળી ને પ્રત્યક્ષ અનુભવ થાય.

આત્માના અનુભવ વિના કોઈ ધર્મની ક્રિયા છે નહીં. શુભાશુભભાવ એ બંધની ક્રિયા છે, બંધનું કારણ છે. એક લોઢાની બેડી અને એક સોનાની બેડી એ કાંઈ મોક્ષનો માર્ગ કે મોક્ષનું કારણ નથી. જ્ઞાન એટલે આત્મજ્ઞાન, શ્રદ્ધા એટલે આત્માની પ્રતીતિ અને ચારિત્ર એટલે આત્મામાં અંશે રમણતા. એવી અંતરમુખ દશા આત્માને આશ્રયે થતાં તેને મોક્ષમાર્ગ શરૂ થાય છે. અને એક વખત આત્માનો અનુભવ થયા પછી અસંખ્ય સમયમાં તેનો મોક્ષ થાય છે. અનંત સમય લાગતા નથી. એવી અપૂર્વ વાત આત્મદર્શન કેમ થાય તેની વિધિ આ ગાથામાં બતાવી છે. તો દૃષ્ટાંત પૂરું થઈ ગયું. સિદ્ધાંતમાં આપણે અહીં સુધી આવ્યા છીએ.

કહે છે કે, આત્મા જ્ઞાયક છે જગતના પદાર્થ જ્ઞેય છે. એવો જે વ્યવહારનયનો જ્ઞાતા, જ્ઞેયનો સંબંધ કહેવામાં આવે છે તો તે વ્યવહાર છે પણ તેનો પારમાર્થિક સંબંધ શું છે? જ્ઞાયકને જ્ઞેય સાથે સંબંધ છે કે નહીં? એ વિચારવાની વાત કરે છે. **એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધ, જ્ઞાયક (અર્થાત્ જાણનારો) ચેતયિતા (અર્થાત જણાવાયોગ્ય) જ્ઞેય જે પુદ્‌ગલાદિ પરદ્રવ્ય તેનો છે કે નહીં?** એટલે કે તેનો જાણનાર છે કે નહીં? પરને જાણવાનો સ્વભાવ છે કે પોતાને જાણવાનો સ્વભાવ છે?

પ્રકાશ, દીપકનો પ્રકાશ ઘટ-પટને પ્રસિદ્ધ કરે છે, પ્રકાશે છે કે પ્રકાશ પ્રકાશક એવા દીપકને પ્રસિદ્ધ કરે છે? જો પ્રકાશ દ્વારા ઘટ-પટાદિ જાણવામાં આવે તો એ સમયે દીપક જાણવામાં આવતો નથી. જેને દીપકને જાણવું હોય તેને તેના પ્રકાશ દ્વારા તે પ્રકાશથી અને પ્રકાશકથી ઘડો આદિ પરપદાર્થ ભિન્ન છે. તે પ્રકાશ ઘટને પ્રસિદ્ધ કરતો નથી. પણ પ્રકાશ પ્રકાશક એવા દીપકને પ્રસિદ્ધ કરે છે. કેમકે પ્રકાશ ઘટ-પટમાં તન્મય થતો નથી. અને પ્રકાશ પ્રકાશકની સાથે તન્મય રહીને દીપકને પ્રસિદ્ધ કરે છે.

એમ આ આત્મા છે તે જ્ઞાનસ્વભાવથી ભરેલો પદાર્થ છે એમ આવ્યું. એમાં જ્ઞાનદર્શન ભરેલો પદાર્થ છે તેમાં રાગ-દ્વેષ, મોહ, મમતા, કર્મ અને શરીર એ વસ્તુના સ્વભાવમાં નથી. એ સ્વભાવથી બહાર છે. તો કહે છે કે એ રીતે આ આત્મા છે તેમાં સમયે સમયે એક જાણવાની ક્રિયા થાય છે. જાણવાની ક્રિયા વિના કોઈપણ આત્મા જગતમાં હોય શકે નહીં. રાગ-દ્વેષ, મોહ વિના તો જીવ જીવી શકે. સિદ્ધ પરમાત્મા જીવે છે, રાગ-દ્વેષ, મોહ વિના. પણ જ્ઞાન વિના કોઈ આત્મા જીવી શકે નહીં. જ્ઞાનનો નાશ થાય તો આત્માનો નાશ થઈ જાય.

એમ આ આત્મા છે તે જાણવાના સ્વભાવથી ભરેલો પદાર્થ છે. તેમાં જાણવાની ક્રિયા સમયે સમયે થાય છે. હવે જાણવાની જે ક્રિયા પ્રગટ થાય છે તેને શાસ્ત્રીય ભાષાએ ઉપયોગલક્ષણ કહેવામાં આવે

છે. આત્માનું લક્ષણ ઉપયોગ એટલે જ્ઞાનલક્ષણ છે. હવે વર્તમાન વર્તતું જે જ્ઞાન એ છે તો આત્માનું અને આત્માને પ્રસિધ્ધ ન કરે અને જ્ઞાન જેનું નથી દુકાન આદિનું નથી, ફેકટરીનું નથી તો એને પ્રસિધ્ધ કરવા જાય છે, પ્રકાશ ઘડાને પ્રસિધ્ધ કરે છે તો પ્રકાશક દેખાતો નથી. એમ જો આવું જ્ઞાન પરપદાર્થને પ્રસિધ્ધ કરવા જાય તો ભગવાનઆત્મા પ્રસિધ્ધ થતો નથી. એટલે જણાતો નથી. હવે જેને આત્મદર્શન કરવા હોય, જેને ભવનો અંત લાવવો હોય, જેને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના વીતરાગી પરિણામ પ્રગટ કરવા હોય તેને પ્રથમ જ્ઞાન જ્ઞેયને જાણે છે એવો જે વ્યવહાર એનો તેણે નિષેધ કરવો પડશે. નિષેધ એટલે શું? કે એ જ્ઞેયની સન્મુખ જે જ્ઞાન છે તેનું લક્ષ છોડવું પડશે. જ્ઞેયની સન્મુખ આ જણાય છે આ જણાય છે આ જણાય છે એને બદલે એને એના જ્ઞાનને વિષય બીજો આપવો પડશે. કે મને મારા જ્ઞાનમાં મારો આત્મા જણાય છે. ત્યારે તે જ્ઞાન જેનું છે તેને પ્રસિધ્ધ કરશે અને પરની પ્રસિધ્ધિ બંધ થઈ જશે. તે સમયે તેને આત્મદર્શનનો અનુભવ થાય છે.

જ્યાં સુધી જ્ઞાન આત્માને જાણે નહીં ત્યાં સુધી મોહનો નાશ થઈ શકતો નથી. આત્માને જાણતાં જ પ્રથમ એક સમયમાં મોહનો નાશ થાય છે અને રાગ-દ્વેષ રહી જાય છે. મોહ જુદી ચીજ છે, રાગ-દ્વેષ જુદી ચીજ છે. પછી રાગ-દ્વેષનો અભાવ થવા માટે પણ તે ફરી ફરીને સ્વરૂપમાં લીન થાય છે. જેમ જેમ લીનતા વધે છે તેમ તેમ તે આત્મા રાગથી નિવૃત્તિ પામે છે. અને અલ્પકાળમાં તેનો મોક્ષ થાય છે. અરિહંતપદ થઈને.

અહીંયાં આચાર્ય મહારાજ કહે છે કે આત્મા જ્ઞાયક છે અને આ છ દ્રવ્યો મારા જ્ઞેય છે તો એ બે વચ્ચે તાત્ત્વિક સંબંધ શું છે તે આપણે વિચારીએ. અને આત્માને આત્મા જ્ઞેય ન બનતા, આત્મામાં જે પરપદાર્થ જ્ઞેય બની જાય તો શું દોષ આવે તે આપણે વિચારીએ. **એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધથી વિચારવામાં આવે છે.** તાત્ત્વિક એટલે સત્યાર્થ પારમાર્થિક સંબંધ. આત્મા જ્ઞાયક છે અને આ બધા જ્ઞેય છે એમ નથી. આત્મા જ્ઞાયક તો છે અને આત્મા જ્ઞેય પણ છે. જાણનારો પોતે છે અને જણાય છે એ પણ પોતે જ છે. જ્ઞાન પણ અહીંયાં છે, જ્ઞેય પણ અહીંયાં છે અને જ્ઞાતા પણ અંદરમાં જ છે.

અહીંયાં જ્ઞાન લ્યે અને તેનું આ બધું જ્ઞેય થઈ જાય એમ છે નહીં. બન્નેનો તાત્ત્વિક સંબંધ, પારમાર્થિક સંબંધ જ્ઞાતા અને જ્ઞેયનો વિચારવામાં આવે છે. આત્મા જ્ઞાતા અને છ દ્રવ્ય જ્ઞેય એ વ્યવહાર છે. પરમાર્થ શું છે એ વિચારવામાં આવે છે. **જો ચેતયિતા,** એટલે જાણનારો, ચેતનારો. ચેતયિતા એટલે ચેતનારો, જાણનારો **જો પુદ્‌ગલાદિનો હોય તો શું થાય?** આહાહા! જ્ઞાન પુદ્‌ગલનું હોય તો શું થાય? જ્ઞાન છે આત્માનું અને ભાસે છે કે આ પુદ્‌ગલનું જ્ઞાન મને થયું. મોટરનું જ્ઞાન થયું, કાપડની દુકાનનું જ્ઞાન થયું, ચશ્માનું જ્ઞાન થયું, શાસ્ત્રનું જ્ઞાન થયું. જ્ઞાન કદી પરનું થાય નહીં. જ્ઞાન તો સ્વનું જ રહે છે.

**(જો ચેતયિતા)પુદ્‌ગલાદિનો હોય,** એટલે કે (જ્ઞાન) પુદ્‌ગલને જાણે, જ્ઞાન આત્માનું અને જાણે પરને. જ્ઞાન છે આત્માનું અને આત્માને જાણવાનું છોડીને જો પરને જાણે તો શું થાય? એ આપણે વિચારીએ. પુદ્‌ગલાદિનો હોય તો શું થાય? આહાહા! જ્ઞાન અહીંયાંથી નીકળી જાય અને જ્ઞેયમાં જોડાય જાય, જ્ઞેયમાં તન્મય થાય તો કહે છે કે આત્માનો જ નાશ થઈ જાય. માટે જ્ઞાન આત્માથી વિખુટું પડતું નથી. અને જ્ઞાન પુદ્‌ગલમાં જતું નથી. પુદ્‌ગલને ચોંટતું નથી અને જ્ઞાન આત્માથી છૂટતું નથી.

**(જો ચેતયિતા) પુદ્‌ગલાદિનો હોય તો શું થાય તે પ્રથમ વિચારીએઃ 'જેનું જે હોય તે તે જ હોય' જેમ આત્માનું જ્ઞાન હોવાથી,** ત્રણેકાળ જ્ઞાન આત્માનું જ હોય. પરનું જ્ઞાન ન હોય. જો જ્ઞાન પરનું હોય તો તો પરરૂપ થઈ જાય. જ્ઞાન પરનું તો નથી. તો જ્ઞાન કોનું છે? આત્માનું છે. આ બધા આત્માનો આવો સ્વભાવ છે. પણ આત્મા શું? તેનો સ્વભાવ શું? એ આત્મા કેમ જાણવામાં નથી આવતો? અને કેમ જાણવામાં આવી જાય. તેનો થોડો અભ્યાસ કરે તો કામ થઈ જાય. ચાર ગતિનું દુઃખ મટી જાય. જન્મ, જરા અને મરણ એ બધું ટળી જાય એવી વિધિ બતાવી છે.

**જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે,** કે જે જ્ઞાનની ઉપયોગની અવસ્થા જાણવાની થાય છે, એ જાણવાની અવસ્થા જાણનારની છે. જાણવાની જે અવસ્થા પ્રગટ થાય છે એ જાણનારાની, આત્માની છે. એ જ્ઞાન પ્રગટ થાય છે તે આત્માનું છે. જ્ઞાન તે આત્મા જ છે. આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે. અને પુદ્‌ગલનું જ્ઞાન હોય તો જ્ઞાન પુદ્‌ગલનું થઈ જાય. અહીંથી નીકળી જાય અને ત્યાં ચોંટી જાય. ત્યાં ચોંટી જાય તો આત્માનો નાશ થઈ જાય અને પુદ્‌ગલ જે જડ છે તે ચેતન થઈ જાય. એમ કોઈ કાળે બને નહીં. 'જડ ભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ કોઈ કોઈ પલટે નહીં છોડી આપ સ્વભાવ' વસ્તુ પોતાના સ્વભાવને છોડતી નથી. ચેતન આત્મા ચેતનરૂપે જાણવારૂપે પરિણમે છે, પુદ્‌ગલ પુદ્‌ગલના ભાવરૂપે પરિણમે છે. બેયનું પરિણમન ભિન્ન ભિન્ન છે.

એક જ્ઞાન છે અને બીજું જ્ઞેય છે તો જ્ઞેયનું જ્ઞાન થાય છે કે આત્માનું જ્ઞાન થાય છે? ચાલો આપણે વિચારીએ. **જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે**. એ જ્ઞાનની દશા જે પ્રગટ થાય છે જાણવાની. તે જ્ઞાન તે આત્મા જ છે. એ જ્ઞાનની પર્યાયને આત્મા કેમ કહ્યો? કે એ જ્ઞાન આત્માનું છે માટે જ્ઞાન તે આત્મા જ છે, અભેદ છે. પ્રકાશ સૂર્યનો હોવાથી પ્રકાશ તે સૂર્ય જ છે. સૂર્યનો પ્રકાશ હોવાથી પ્રકાશ તે સૂર્ય છે કે પૃથ્વીનો પ્રકાશ છે? પૃથ્વીનો પ્રકાશ કોઈ કાળે હોય જ નહીં. આહાહા!

**આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે. આવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી,** એમ કહ્યું કે આત્માનું જ્ઞાન છે, એ પુદ્‌ગલનું જ્ઞાન નથી. આત્મા અને આત્માનું જ્ઞાન એક વસ્તુ છે. એ બે વચ્ચે પારમાર્થિક તાત્ત્વિક સંબંધ છે. એ સંબંધ છૂટો પડે નહીં. અગ્નિ અને ઉષ્ણ એ જુદું પડી શકે નહીં. એમ આત્મા ને આત્માનું જ્ઞાન એ જુદું પડી શકે નહીં. માટે એક દ્રવ્યમાં જ પારમાર્થિક સંબંધ હોય.

આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે. પારમાર્થિક, વાસ્તવિક સંબંધ છે. એને બદલે જ્ઞાન જ્ઞેયનું છે એ વાત એક ટકો પણ સાચી નથી. જો જ્ઞાન જ્ઞેયનું હોય તો જ્ઞાન જ્ઞેયમય થઈ જાય. એમ તો કોઈ કાળે બનતું નથી. એ કહેશે.

**આવો તાત્ત્વિક સંબંધ જીવંત (અર્થાત્ છતો)** આવો સ્વભાવ **હોવાથી, ચેતયિતા** એટલે જાણનારો આત્મા નહિ જણાવાયોગ્ય તેમાં જ્ઞાન નથી. પુદ્ગલ છે એ. **ચેતયિતા જો પુદ્ગલાદિનો હોય તો,** જ્ઞાન રાગનું જ્ઞાન હોય તો જ્ઞાન રાગમય થઈ જાય. રાગનું જ્ઞાન નથી થતું, જ્ઞાન તો આત્માનું થાય છે. ભલે રાગ તેમાં નિમિત્ત હોય તોપણ જ્ઞાન તો આત્માનું જ થાય છે. રાગનું જ્ઞાન ન હોય. જ્ઞાન રાગનું હોય તો જ્ઞાન રાગરૂપ થઈ જાય. એ બેય વચ્ચે પારમાર્થિક સંબંધ નથી. આત્મા ને આત્માના જ્ઞાન વચ્ચે તાત્ત્વિક સંબંધ છે. **ચેતયિતા જો પુદ્ગલાદિનો હોય તો ચેતયિતા તે પુદ્ગલાદિ જ હોય.** અર્થાત્ જાણનારો, **ચેતયિતા** એટલે જાણનારો, **પુદ્ગલાદિસ્વરૂપ જ હોવો જોઈએ.** આહાહા!

જો પુદ્ગલને જાણવા જાય તો જ્ઞાન પુદ્ગલનું થઈ જાય. અહીંથી જ્ઞાન છૂટું પડીને ત્યાં ચોંટી જાય એમ તો કોઈ કાળે બનતું નથી. **પુદ્ગલાદિથી જુદું દ્રવ્ય ન હોવું જોઈએ, એમ હોતાં ચેતયિતાના સ્વદ્રવ્યનો ઉચ્છેદ (નાશ) થાય.** જો એ જ્ઞાન આત્માનું હોવા છતાં એ જ્ઞાન પુદ્ગલનું થઈ જાય તો આત્માનો જ નાશ થાય. આત્મા જ્ઞાન વિનાનો થઈ જાય. આત્મા જ્ઞાન વિનાનો થઈ જાય તો આત્માનો નાશ થઈ જાય. તો આત્માનો નાશ તો કોઈ કાળે થતો નથી. માટે જ્ઞાન આત્માનું જ હોય અને પુદ્ગલનું ન હોય.

મુમુક્ષુ :- બોલવામાં પણ ન આવે?

ઉત્તર :- બોલવામાં આવે. પણ જાણવામાં શું જાણવું? હં... બોલવામાં આવે. વ્યવહારીજનો એમ કહે કે મેં પ્રતિમાના દર્શન કર્યા. એને પ્રતિમાના દર્શન થયા છે કે એને આત્માના દર્શન થાય છે? આહાહા! બોલવામાં વ્યવહારીજનો વ્યવહારની ભાષાથી બોલે અને વ્યવહારની ભાષાને સાચી માને તો જ્ઞાન અજ્ઞાનરૂપ થઈ જાય છે. બોલવામાં આવે તેવું સ્વરૂપ નથી. ઘીનો ઘડો. બોલવામાં શું આવે? ઘીનો સંયોગ છે. ઘીનો ઘડામાં સંયોગ છે તો ઘીનો ઘડો. અને એ સાચું માને? બોલનાર પણ સાચું માનતો નથી અને સાંભળનાર પણ માનતો નથી. કેમકે જો સાચું માને તો એમાં ઘી તો માત્ર પાંચ કિલો છે. અને દસ કિલો માટીનું વજન છે. એ સાચું માને તો કરો વજન! કર્યું વજન. અને પંદર કિલો થયું. ઓલા ભાઈ ગામડેથી આવ્યા હતા તે કહે પંદર કિલોના પૈસા આપો. કોઈ આપે? કેમ ન આપે? કે ઘી ભિન્ન છે અને ઘડો (ભિન્ન છે). અહીંયાં પૈસા ચૂકવવા પડે તો ભેદજ્ઞાન બરાબર કરે. જ્યાં પૈસા ચૂકવવાનો વખત આવે ત્યાં તો બરાબર ભેદજ્ઞાન કરી લ્યે. ના ભાઈ! પાંચ કિલોના જ પૈસા મળશે. આ વાસણમાં હું કાઢી લઉં જેટલું ઘી હોય એટલું અને પછી શું કહેવાય એને? ઘડાને શું કહેવાય? કહેવાય છે ભાષા છે એ, બારદાન

હં... બારદાન જોખો અને તેમાંથી બાદ કરો. પંદર કિલોમાંથી ઘી કાઢી લીધું અને બારદાન જોખ્યું તો દસ કિલો થયું. તો દસ કિલો બાદ કરીને પાંચ કિલોના પૈસા મળશે. બોલાય ઘીનો ઘડો પણ ઘીનો ઘડો નથી. ઘડો તો માટીમય છે ઘીમય નથી. એમ તેમાં ત્યાં બાદબાકી કરીને ભેદજ્ઞાન કરે છે.

એમ અહીંયાં (આત્મામાં) પણ બાદબાકી કરીને ભેદજ્ઞાન કરવું જોઈએ. કે જીવ જ્ઞાનમય છે અને રાગમય નથી. આહાહા! જીવ જ્ઞાનમય છે અને કર્મોવાળો નથી, શરીરવાળો નથી. શરીર બારદાન છે એ બાદ કરવું જોઈએ. શરીરમાં આત્મા રહેલો છે. આ બારદાન છે ને? આ બારદાન છે. બારદાનની કાંઈ કિંમત નથી. આત્માની કિંમત છે. આહા! પણ બારદાનમાં એ આત્મા રહેલો છે તો વ્યવહારીજનો કહે કે મનુષ્ય તે જીવ. કેટલા ટકા સાચી વાત હશે મનુષ્ય તે જીવ. જીવ જ્ઞાનમય છે, મનુષ્ય તે તેનું બારદાન છે. બારદાનને બાદબાકી કરતાં જે બાકી રહે જાણનાર તે હું છું. આ બારદાન તે હું નથી. તો આમાં મોહ છૂટી જાય. અને મોહ છૂટતાં મરણ વખતે કાંઈ દુઃખ થાય તેને? કે આ તો બારદાન છે. જો આને બારદાન જાણે તો જીવતાં જ એ મરી ગયો. જીવતાં મરી ગયો એટલે? મોહ નીકળી ગયો. મોહ નીકળી ગયો. ડોકટર આવીને કહે છે કે છ કલાકનું આનું આયુષ્ય છે. કાંઈ વાંધો નહીં. કેમકે એ તો બારદાનની વાત કરે છે ને? હું કયાં મરું છું? દેહ મરે છે હું નથી મરતો. હું તો અવિનાશી તત્ત્વ છું. આહાહા! મરણ વખતે સમાધિ મરણ થઈ જાય. જીવતાં મરી ગયો હોય. આહાહા! મોહ જેનો મરી ગયો હોય. આહાહા!

એમ એક વખત ભગવાનઆત્મા કહે છે કે જ્ઞાન અને આત્માને બન્નેને તાત્ત્વિક પારમાર્થિક સંબંધ છે. આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા છે એ તો બરાબર છે. પણ જ્ઞાન પુદ્ગલનું નથી છતાં વ્યવહારથી એમ કહેવાય કે જ્ઞાન પુદ્ગલનું થયું, રાગનું થયું, આહાહા! આ ટી. વી.નું જ્ઞાન થયું. જ્ઞાન ટી. વી.નું થતું હશે? રજની! જ્ઞાન ટી. વી.નું થાય? જ્ઞાન ટી. વી.નું હોય તો જ્ઞાન ટી. વી.મય થઈ જાય, જ્ઞાનનો આત્મામાં અભાવ થઈ જાય. પણ એમ તો બનતું નથી. માટે ટી.વી. ભલે નિમિત્તરૂપ હોય પણ તે વખતે પણ જ્ઞાન તો આત્માનું થાય છે. આહાહા! પ્રતિમાના દર્શનમાં ઊભો છે. ભગવાન મહાવીરની પ્રતિમા બિરાજમાન છે. તે જ્ઞેયની સામે ઊભો છે. જોવે છે પ્રતિમાને. કહે છે કે પ્રતિમાનું જ્ઞાન નથી થાતું. ચૈતન્ય પ્રતિમાનું જ્ઞાન થાય છે. આહાહા!

આમ કહે છે કે આ પ્રતિમાજીની સાથે આ પ્રતિમાને પારમાર્થિક સંબંધ નથી. વ્યવહાર સંબંધ છે તો એમાં સાધ્યની સિદ્ધિ થતી નથી. ઘીનો ઘડો કહેવા છતાં, કહેવામાં એમ આવે, છતાં ઘડો તો માટીમય છે, ઘીમય નથી. એમ ઈન્દ્રિયજ્ઞાન દ્વારા પ્રતિમાના દર્શન કર્યા એ ઈન્દ્રિયજ્ઞાનને બાદબાકી કરો તો અતીન્દ્રિયજ્ઞાનમય ભગવાનઆત્મા અંદર બિરાજમાન છે. પ્રતિમા નિમિત્તમાં ગઈ અને પ્રતિમા સંબંધીનું ઈન્દ્રિયજ્ઞાન એ પણ જ્ઞેયમાં ગયું. એ જ્ઞાન પણ જ્ઞેયમાં અને પ્રતિમાજી (પણ) જ્ઞેયમાં. એ જ્ઞેયથી ભિન્ન

જ્ઞાયક આત્મા છે અંદરમાં. આહાહા! ફેરવી નાખ ઉપયોગને! અંદરમાં એને વાળ તને ભગવાનઆત્માના દર્શન થશે. એ બન્નેનો તાત્ત્વિક સંબંધ તો આત્માનું જ્ઞાન છે, ભાઈ!

**એમ હોતાં ચેતયિતાના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય.** જો જ્ઞાન પરનું હોય તો જ્ઞાન પરરૂપ થઈ જાય. તો જ્ઞાન તો પરરૂપ થતું નથી. પરરૂપ થતું નથી તો જ્ઞાન પરનું નથી. જો જ્ઞાન પરરૂપ થતું નથી તો જ્ઞાન પરનું નથી. તો જ્ઞાન કોનું છે? કે આત્માનું છે. આહાહા! હંમેશા જ્ઞાન આત્માનું જ હોય. પરનું જ્ઞાન ન હોય. પરનું જ્ઞાન હોય તો જ્ઞાન પરરૂપ થઈ જાય. પણ કહેવામાં બોલવામાં એમ આવે, બોલવામાં તો એમ આવે. આહાહા! વરસાદ આવ્યો. વરસાદનું જ્ઞાન થયું. વરસાદનું જ્ઞાન થાય છે કે તને આત્માનું જ્ઞાન થાય છે? વરસાદનું જ્ઞાન થાય છે (એમ કહે તો) જ્ઞાનનું અજ્ઞાન થઈ ગયું. વરસાદનું જ્ઞાન ન હોય. જ્ઞાન તો આત્માનું હોય. ત્યારે અમારે જાણવું નહીં? જાણનારને જાણી લે ને? જાણવાની છૂટ છે. જાણવાની કયાં મનાઈ છે? જાણવાની મનાઈ ન હોય. પણ જેને જાણતાં તને આનંદ નથી આવતો તેમાંથી પાછો ફર અને આત્માને જાણ તો તને આત્માનું જ્ઞાન થતાં જ્ઞાન અને સુખ થશે.

**પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી, કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે.** ૧૦૩ ગાથામાં એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપે થઈ શકતું નથી. માટે જ્ઞાન પુદ્‌ગલને જાણે છે એ વ્યવહાર કથન છે વ્યવહારીનું. પણ ખરેખર એ જ્ઞાન પુદ્‌ગલને જાણતું નથી. કેમકે એ પુદ્‌ગલનું નથી. તો એ જ્ઞાન કોને જાણે છે? જ્ઞાન જેનું છે તેને જાણે છે. પ્રકાશ પૃથ્વીને પ્રસિદ્ધ કરતો નથી પણ પ્રકાશ સૂર્યને પ્રસિદ્ધ કરે છે. તો પૃથ્વી ઉપરથી પણ લક્ષ ગયું, પ્રકાશ ઉપરથી પણ લક્ષ ગયું અને પ્રકાશક એવો સૂર્ય હવે દેખાય છે. એમ આ ભગવાનઆત્મા ચૈતન્ય સૂર્ય પ્રકાશનો પુંજ છે. એનું એક કિરણ જાણવાની ક્રિયા થાય છે. એ જાણવાની ક્રિયામાં જો પર જણાય છે એવી બુદ્ધિ થઈ તો જાણનાર જણાતો નથી. અને પર જણાતું નથી જાણનાર જણાય છે તો એ જ્ઞાન અંદરમાં વળીને આત્માના દર્શન કરે છે.

એક પ્રશ્ન આવ્યો રાજકોટમાં. આ આત્માની આટલી બધી પ્રશંસા ને વખાણ કરે છે, મહિમાની વાત કરે છે તો એ ચોવીસે કલાક આત્મા કરતો શું હશે? આત્મામાં જ્ઞાનશકિત છે, દર્શનશકિત છે, આનંદશકિત છે, વિભુત્વશકિત છે. આટલી આટલી પ્રશંસા! એવો ભગવાનઆત્મા છે તે ચોવીસે કલાક કરતો શું હશે? કહ્યું કે દર્શન દેવાનું કામ કરે છે, પણ કોને? કે દર્શન લેવા જાય તેને. એ કોઈને બોલાવે નહીં. આ પ્રતિમાજી કોઈને બોલાવે છે કે અમારા દર્શન કરો. અને દર્શન લેવા જાય તેને ના પાડે છે? પ્રતિમા એ વખતે આમ (મોઢું ફેરવે છે?) કરે છે? કરે છે પ્રતિમા? એ તો આમ ને આમ છે. હું દર્શન દેવા તૈયાર છું દર્શન લ્યે તેને. દર્શન, હું દર્શન દેવા તૈયાર છું.

એમ જેને ઉપયોગમાં લાગ્યું કે મારા ભગવાનઆત્માના દર્શન વિના આ ચાર ગતિમાં હું દુઃખી થઈ

રહ્યો છું. હવે દુઃખના અંતનો ઉપાય સંતો બતાવે છે કે તું તને જાણ. ત્યારે એ ઉપયોગ અંદરમાં આવે છે. અંદરમાં આવતાં ભગવાનઆત્મા દર્શન દયે છે અને જ્ઞાન દર્શન લ્યે છે. જ્ઞાન લ્યે છે અને આત્મા દયે છે. એવો ભેદ પણ અનુભવના કાળે રહેતો નથી. તેનું નામ આત્મદર્શન કહેવામાં આવે છે. આ ધર્મની ક્રિયા ચાલે છે. પણ સાહેબ! તમે કાંઈ કરવાની વાત તો કરતા નથી. એકલી વાતું કરો છો. તમે વાતુડિયા થઈ ગયા. કાંઈ તમારે ક્રિયા કરવી નથી. અરે! જ્ઞાન દ્વારા આત્માને જાણવો એ જ ધર્મની ક્રિયા છે. આહાહા! એ આત્માને જાણતાં વીતરાગભાવ પ્રગટ થાય છે. અને પરને જાણવાનું બંધ થતાં મોહ, રાગ-દ્વેષનો અભાવ થઈ જાય છે. ઉત્પન્ન થતો નથી.

મુમુક્ષુ :- જ્ઞાન ક્રિયાભ્યામ મોક્ષ છે.

ઉત્તર :- 'જ્ઞાનક્રિયાભ્યામમોક્ષ' જ્ઞાન એટલે આત્માને જાણવું તેનું નામ જ્ઞાન. અને તે સ્વભાવમાં તેને જાણીને તેમાં લીન થવું તેનું નામ ક્રિયા. એ 'જ્ઞાનક્રિયાભ્યામમોક્ષ' આહાહા! આ શુભરાગની ક્રિયા એ ક્રિયા નથી. એ તો કરોતિ ક્રિયા છે, એ તો કષાયની ક્રિયા છે. આહાહા! ભાઈ! એનાથી તો બંધ થાય છે, તેનાથી મોક્ષ થતો નથી. ભલે આર્ય જીવને દયા, દાનના, વ્રતના, કોમળતાના ભાવ હોય, જાત્રાના ભાવ હોય, ભગવાનની પૂજાનો ભાવ ભલે આવે. પણ તેનાથી મારો આત્મા જુદો ને જુદો છે. આહાહા!

એક વખત રાજકોટમાં એક પ્રશ્ન થયો, ગુરુદેવ પાસે રાત્રી ચર્ચામાં. કે સાહેબ! આપ એમ કહો છો કે આત્માનો અનુભવ થાય ત્યાંથી ધર્મની શરૂઆત થાય. સંવર કહેવાય. શાસ્ત્રીય ભાષાએ આસ્રવનો નિરોધ તેને સંવર થયો તેમ કહેવાય. સંવરપૂર્વક નિર્જરા. તો આત્માનો અનુભવ તો અમારે કરવો છે. પણ થતો તો નથી. અને પાપ તો અમારે કરવું જ નથી. વચમાં બાકી રસ્તો રહ્યો પુણ્યનો. તો પુણ્ય કરવું કે ન કરવું? એવો પ્રશ્ન થયો. પાપ તો કરીએ તો નરક-નિગોદમાં ચાલ્યા જાય. પાપ તો કરવાયોગ્ય નથી. એટલું તો અમે જાણીએ છીએ. અને આત્માનો અનુભવ કરવાનું આપ કહો છો તો ત્યાં સુધી પહોચાતું નથી. તો વચ્ચે થોડોક રસ્તો પુણ્ય કરવું કે ન કરવું? એને જ્ઞાની ધર્માત્મા ઉત્તર આપે છે.

કહે સાંભળ ભાઈ! જયારે જયારે પુણ્યના પરિણામ આવે, જો જો હો જવાબ, કરે નહીં. પુણ્યના પરિણામ આવે, શુભરાગ. ત્યારે-ત્યારે આ શુભભાવથી પુણ્યતત્ત્વથી મારો આત્મા ભિન્ન છે. એમ વારંવાર વિચારવું. આ કરવાનું કહ્યું. શું કરવું? કે પુણ્ય-પાપના પરિણામથી ભિન્ન મારો આત્મા છે એવો વારંવાર ભેદજ્ઞાનનો વિચાર કરવો. એનું નામ વ્યવહાર છે. શું કહ્યું? એનું નામ હજી વ્યવહાર છે. અને પુણ્ય-પાપથી ખસીને આત્માનો પ્રત્યક્ષ અનુભવ કરવો આ તેનું નામ નિશ્ચય છે. તમે વ્યવહારને માનો છો કે નહીં? હા... વ્યવહારને ન માને તે મિથ્યાદષ્ટિ છે. અને વ્યવહારથી લાભ માને તે પણ મિથ્યાદષ્ટિ છે. તમારી શરતો બધી આકરી! કાંઈ આકરી નથી. આ તો સર્વજ્ઞ ભગવાને કહેલી વાત છે. કે જયાં સુધી પ્રત્યક્ષ આત્માનો અનુભવ ન થાય ત્યાં સુધી વારંવાર ભેદજ્ઞાનનો જે વિચાર ચાલે કે હું પુણ્ય-પાપનો

કર્તા પણ નથી અને જ્ઞાતા પણ નથી. હું તો જ્ઞાયક અબદ્ધ છું. એમ વારંવાર સવિકલ્પદશામાં તેનો વિચાર આવે તેને વ્યવહાર કહેવામાં આવે છે. એ વ્યવહારનો અભાવ થઈને નિશ્ચય પ્રગટ થાય છે.

એવો આક્ષેપ છે. સોનગઢવાળાને કાંઈ ક્રિયા કરવી નહીં! આહા! આ જ્ઞાનની ક્રિયા તો જાણે ક્રિયા જ નથી. આત્માને જાણવો, આત્માનું શ્રદ્ધાન કરવું, આત્માનું આચરણ કરવું એ તો જાણે ક્રિયા જ નથી. શુભભાવ કરે તો ક્રિયામાં દેખાવ લાગે. અને બીજા પણ જાણે અને બીજા માનપત્ર પણ આપે. પ્રભુ! માર્ગ ભિન્ન છે, જુદો છે અંદરનો. **કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે. માટે (એ સિદ્ધ થયું કે)** હવે ટોટલ મારે છે. માટે એ સિદ્ધ થયું કે **ચેતયિતા** એટલે કે જાણનારો આત્મા **પુદ્‌ગલાદિનો નથી.** આહાહા! જાણનારો આત્મા એ દેહાદિનો, પરનો, પુદ્‌ગલનો નથી. **(આગળ વિચારીએ.) જો ચેતયિતા,** જાણનારો એવો આત્મા. આત્મા કરનાર નથી. આત્મા જાણનાર છે. આત્મા કરનાર છે એ બુદ્ધિ તો મિથ્યા છે. એના ઉપર મીંડુ ન મુકવું, એના ઉપર ચોકડો મારવો. મીંડાનો તો એકડો થઈ જાય. મીંડુ કરેલું હોય ને? તો આમ લીટી કરી નાખે ચાર લાઈનની. તો એકડો થઈ જાય. બાબુભાઈ! પણ આમ ચોકડો હોય તો કોઈ એકડો કરી શકે નહીં. આત્મા જાણનાર છે પણ કરનાર નથી. આહાહા!

આત્મા કેવળ જાણનાર છે. કેવળ જાણનાર છે પણ કરનાર નથી. આત્મા જ્ઞાતા છે પણ કર્તા નથી. તો એકાંત થઈ જાશે. કથંચિત જ્ઞાતા અને કથંચિત કર્તા એમ કહોને. એમ વસ્તુના સ્વરૂપમાં નથી. સિદ્ધભગવાન સર્વથા સુખી છે કે કથંચિત સુખી અને કથંચિત દુઃખી? સર્વથા સુખી. સિદ્ધભગવાન દુઃખી હોય નહીં. સાકર સર્વથા મીઠી કે કથંચિત મીઠી અને કથંચિત કડવી? સર્વથા મીઠી હોય તેને સાકર કહેવાય.

એમ કહે છે કે આ આત્મા કેવળ જાણનાર છે. કથંચિત રાગનો કરનાર અને કથંચિત જાણનાર એમ છે નહીં. જાણવું અને કરવું એ પરસ્પર વિરોધ વાત છે, પ્રકાશ અને અંધકારની જેમ. જે જાણે છે તે કરતો નથી અને જે કરે છે તે જાણતો નથી. કરમ કરે સો કરતારા, જાણે સો જાણનહારા. કરે કરમ સો હી કરતારા, જો જાણે સો જાણનહારા, જાણે સો કર્તા નહીં હોઈ, કર્તા સો જાણે નહીં કોઈ. આહાહા! મારું જ્ઞાન છે. જૈનદર્શનનો સાર. બનારસીદાસ ૪૦૦ વર્ષ પહેલાં થઈ ગયા છે. અનુભવી પુરુષ થઈ ગયા. આહાહા! એ ફરમાવે છે કે જે જાણનાર છે તે કરનાર નથી અને કરવાની બુદ્ધિમાં આવ્યો તે જાણવારૂપે પરિણમતો નથી. એ તો એનું અજ્ઞાન છે. **માટે એ સિદ્ધ થયું કે ચેતયિતા,** જાણનારો આત્મા પુદ્‌ગલાદિનો નથી. આહાહા! પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ. અને રાગાદિ તેમાં ભેગુ લઈ લેવું. જાણનારો રાગનો નથી. **(આગળ વિચારીએ.) જો ચેતયિતા પુદ્‌ગલાદિનો નથી,** પુદ્‌ગલને જાણતો નથી, પુદ્‌ગલનો નથી. જ્ઞાન પુદ્‌ગલનું નથી. **તો ચેતયિતા** જાણનારો **કોનો**

**છે?** કોને જાણે છે? જાણનારો કોને જાણે છે? મોટો પ્રશ્ન આમ. ... મોટો પ્રશ્નાર્થ ચિહ્ન.

**ચેતયિતાનો જ ચેતયિતા છે.** જાણનારાનો જાણનાર છે. આત્માનો આત્મા છે. આત્મા આત્માને જાણે છે. **(આ) ચેતયિતાથી જુદો એવો બીજો કયો ચેતયિતા છે,** બે તો આત્મા નથી. તમે તો બે વાત કરી. આત્માનો આત્મા છે. તો બે તો આત્મા નથી. આત્મા તો એક છે. આત્મા પુદ્‌ગલનો નથી એ તો બરાબર છે. પણ આત્મા આત્માનો છે તેમાં પણ અનુભવ થતો નથી. **કે જેનો આ** જાણનાર આત્મા હો. **આ ચેતયિતાથી** જાણનાર આત્માથી **જુદો અન્ય** બીજો **કોઈ** આત્મા **(નથી.)** આ જાણનારો જે આત્મા છે, એનાથી બીજો કોઈ જાણનારો આત્મા છે એમ છે નહીં. જાણનારો આત્મા એક જ છે. જાણનાર બે નથી. જાણનારો આત્મા એક જ સ્વરૂપે રહેલો છે. જાણવામાં બે ભેદ નથી. એક જ આત્મા છે. જાણનારનો જાણનાર છે એમ પણ છે નહીં.

**અન્ય કોઈ ચેતયિતા નથી. પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે.** પોતે પોતાને જાણે છે. આત્મા પોતાને જાણે છે તેમાં પણ આત્મા જણાતો નથી. આત્મા પરને જાણે છે તેમાં તો આત્મા જણાતો જ નથી. તેમાં તો આત્મા જણાવાનો વ્યવહાર પણ આવતો નથી. પણ આત્મા આત્માને જાણે છે તેમાં આત્માને જાણવાનો વ્યવહાર આવ્યો પણ તેમાં આત્માનો નિશ્ચય પ્રગટ થતો નથી. આવી સૂક્ષ્મ વાત હિંમતનગરમાં ચાલે? અરે! હિંમતનગરમાં બધા ભગવાનઆત્મા છે. આ આત્માને, આત્માની વાત કરે છે સંતો. લખતી વખતે તેને ખબર હતી કે હિંમતનગરમાં આ ગાથા વંચાશે. અને હિંમતનગરના મુમુક્ષુઓ આ વાતને ખ્યાલમાં લેશે. લખતી વખતે લખાય ગયું હતું. લખાય ગયું એટલે સમજાણું? આહાહા!

એ નિશ્ચિત હતું કે આ સમયસારશાસ્ત્રની ગાથા આ દિવસે, આ ટાઈમે, આ સમયે તેનો સ્વાધ્યાય થવાનો છે. આહાહા! અને જીવો જાણનારા આત્માને જાણી લેશે અને પરને જાણવાનું થોડીકવાર બંધ કરશે. પછી આત્માને જાણ્યા પછી પરને જાણે તો તેને વ્યવહાર કહેવામાં આવે. આત્માને જાણવાનું છોડીને પરને જાણે એમાં (તો) અજ્ઞાન છે. આત્માને જાણ્યા પછી પરને જાણે તો વ્યવહાર છે. અને આત્માને જાણે તો નિશ્ચય છે. શું કહ્યું? ફરીથી. આત્માને જાણ્યા વિના પરને જાણે તો અજ્ઞાન છે. આત્માને જાણે તો નિશ્ચય છે. અને આત્માને જાણ્યા પછી પરને જાણે તો તેને વ્યવહાર કહેવામાં આવે છે. આહાહા!

**પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે. અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે?** પોતે પોતાને જાણે છે, એક સ્વ અને બીજો સ્વામી. જ્ઞાયકભાવ સ્વ અને તે સ્વનો સ્વામી જ્ઞાયક. જ્ઞાયક સ્વામી અને જ્ઞાયક સ્વ. આત્મા સ્વ અને તેનો સ્વામી પણ આત્મા. એક જ આત્મા હો! આત્મા સ્વ અને તેનો સ્વામી પણ આત્મા. એવો સ્વ અને સ્વામી એ બે ભેદ તો હોય શકે

નહીં. તો તો બે થઈ જાય. કે આત્મા આત્માને જાણે છે તેમાં સાધ્યની સિધ્ધિ નથી અનુભવ નથી. તેમાં ધર્મની શરૂઆત ન થાય. ખટકે છે. આહાહા!

કહે છે કે એ **વ્યવહારથી શું સાધ્ય છે?** આહાહા! વ્યવહારથી હજી નિશ્ચય પ્રાપ્ત થાય-કયાંયના કયાંય જીવો જગતના ક્રિયાકાંડમાં દૂર વર્તી રહ્યા છે સ્વભાવને છોડીને. અહીંયાં તો કહે છે કે મારા જ્ઞાન દ્વારા મારો આત્મા જણાય તેમાં આત્મા ન જણાય. કેમ કે એમાં બે ભેદ પડયા. આત્મા આત્માને જાણે છે. આત્મા સ્વ અને તેનો સ્વામી આત્મા. તો સ્વામી અને સ્વ બેય ચીજ જુદી ન હોય. એક જ વસ્તુ છે. સ્વ પણ આત્મા અને સ્વામી પણ આત્મા એવો ભેદ કાઢી નાખતાં તો **કાંઈ સાધ્ય નથી. તો પછી જ્ઞાયક કોઈનો નથી.** શું કહ્યું? જ્ઞાયક પરદ્રવ્યનો નથી અને જ્ઞાયક જ્ઞાયકનો પણ નથી. આ શું? **જ્ઞાયક જ્ઞાયક જ છે.** આમ જ્ઞાનની પર્યાયમાં અંતર્મુખ થતાં 'હું જ્ઞાયક છું' એવું જયારે અનુભવરૂપ પરિણમન થાય છે ત્યારે જાણનારો અને જણાવાયોગ્ય, જ્ઞાતા,જ્ઞાન અને જ્ઞેય તેનો ભેદ દેખાતો નથી. ધ્યાતા, ધ્યાન ને ધ્યેય તેનો ભેદ વિલય પામે છે. તેને આત્માનો અનુભવ કહેવામાં આવે છે. એ નિશ્ચય છે. નિશ્ચય એટલે ખરું. તમે તો નિશ્ચયની વાત કરો છો, વ્યવહારની વાત તો કરતાં નથી. આ વ્યવહાર આવ્યો ને? આત્મા આત્માને જાણે છે એ વ્યવહાર છે. અને એ વ્યવહારનો નિષેધ કરનાર નિશ્ચય છે. અંદરનો વ્યવહાર, ગુણ-ગુણી ભેદનો.

શુભભાવનું કરવું એ તો અજ્ઞાન, શુભભાવને જાણવું એ અસદભૂત વ્યવહાર, આત્મા આત્માને જાણે છે તે વ્યવહાર તેનો નિષેધ કરીને આત્મા તો આત્મા જ છે. જ્ઞાયક તો જ્ઞાયક જ છે. જ્ઞાયક પરનો નથી અને જ્ઞાયકનો જ્ઞાયક પણ નથી. જ્ઞાયક તો જ્ઞાયક જ છે. એમ જયારે જ્ઞાયક ઉપર દૃષ્ટિ અંદર જાય ત્યારે જ્ઞાનની પર્યાય અંદરમાં ભળે અને અભેદ થઈને આત્માનો અનુભવ થાય અભેદ થઈને અનુભવ થાય તેને નિશ્ચય કહેવામાં આવે છે. આહાહા!

હવે પંડિતજી થોડો કૌંસ કરીને આખી ગાથાનું ટૂંકું રહસ્ય તેમાં બતાવે છે. કૌંસ કરે છે જયચંદ પંડિત. **આ રીતે અહીં એમ બતાવ્યું કેઃ 'આત્મા પરદ્રવ્યને જાણે છે'** 'આત્મા પરદ્રવ્યને જાણે છે' **એ વ્યવહારકથન છે;** ભાઈ સાહેબે કહ્યુંને કે વ્યવહાર કથનમાં તો આવે ને? હા.. કથનમાં ઘીનો ઘડો આવે. પણ તે કથન સાચું છે? તો પંદર કિલોના પૈસા આપવા પડશે. બોલો! કોઈ છે તૈયાર આમાંથી? તો કાલે પંદર કિલો ઘી લઈને માણસને મોકલું. પંદર કિલોના પૈસા આપજો. પાંચ કિલો ઘી અને દસ કિલો બારદાન આહાહા! કોઈ આપશે આમાંથી તૈયાર થાવ. કહે, ના ભાઈ! બારદાન બાદ! બારદાન બાદ થાય.

એમ આત્મા પરને જાણે છે એવો વ્યવહાર એ બારદાન બાદ કરો. એ બારદાન છે. માલ નથી. કઠણ તો પડે પણ થાય શું? વસ્તુ જે રીતે અનુભવમાં આવે એ રીતે આવે. બીજી રીત હોય શકે નહીં.

સહેલું કરવા જાય તો લોપરીમાંથી પણ જાય. ગુરુદેવ કહેતા હતા. આહાહા! ઘી બહુ મોંઘુ થઈ ગયું છે. સીતેર રૂપિયાનું કિલો, પહેલાં ઘઉંના લોટને ઘીમાં શેકવો અને પછી તેમાં સાકરનું પાણી કે ગોળનું પાણી નાખવું. તો શીરો થાય. તો કહે કે ઘી બહુ મોંઘુ થઈ ગયું છે, માટે પહેલાં ગોળના પાણીમાં લોટને શેકો અને પછી તેમાં જાતુ વળતું તેમાં ઘી (નાખો.) જાતુ-વળતું એટલે? જાજુ (ઘી) તેમાં પડે નહીં અને નાખ્યા વગર રહે નહીં. એને જાતુ વળતું કહેવાય. ગુરુદેવ કહે ભાઈ! શીરો તો નહીં થાય પણ લોપરીમાંથી પણ જશે. આહાહા! કહે કે કાંઈક સહેલું કરો. આ બહુ કઠણ લાગે છે. સહેલું કરવા જાય તો લોપરીમાંથી પણ જાય.

મુમુક્ષુ :- હવે કઠણ નથી. સાંભળ્યા પછી બહુ કઠણ લાગતું નથી.

ઉત્તર :- હા, સાચી વાત છે. ૪૫-૪૫ વર્ષથી સાંભળે છે ને બધા તૈયાર છે. વાત સાચી છે. નહિંતર આવી ગાથા કાંઈ હિંમતનગરમાં ચાલે! સાંભળે છે બધા શાંતિથી. કોઈ ઉહાપોહ નથી. **આત્મા પરદ્રવ્યને જાણે છે એ વ્યવહાર કથન છે.** ઘીના ઘડા જેવું. ઘીનો ઘડો હોય નહીં. પણ ઘીના સંયોગે ઘડામાં આરોપ આપીને ઘીનો ઘડો કહેવામાં આવે છે. એમ જ્ઞાનમાં જ્ઞેયનું નિમિત્ત દેખીને જ્ઞાન જ્ઞેયને જાણે છે એ ઘીના ઘડા જેવું કથન છે. વાસ્તવિક કથન નથી. એમાં સાધ્યની સિધ્ધિ નહીં થાય, આમ (પરને)જાણ્યા કરશે તો, આમ જાણશે ને જયાં (આત્માને) ત્યારે આત્મદર્શન થશે. જાણતા તો આવડે છે. જાણતા તો (આવડે છે.) એ તેને શીખવવું ન પડે. જાણતા તો આવડે છે. કોને જાણે છે? પરને. એને બદલે સ્વને જાણે તો કામ થઈ જાય.

**આત્મા પરદ્રવ્યને જાણે છે એ વ્યવહાર કથન છે.** ઘીના ઘડા જેવું છે. આત્મા પોતાને જાણે છે. આત્મા પોતાને જાણે છે, રજની! આત્મા પોતાને જાણે છે તેમાં પણ પોતે જણાતો નથી તો આત્મા પરને જાણે છે તેમાં આત્મા ક્યાંથી જણાય. કાંઈ તેમાં વળે નહીં. આત્મા પોતાને જાણે છે તેમ કહેવામાં પણ સ્વ-સ્વામીઅંશરૂપ વ્યવહાર છે. તેમાં પણ સાધ્યની સિધ્ધિ આત્મઅનુભવ થતો નથી. ત્યારે હવે ત્રીજી વાત કરે છે. કે જ્ઞાયક જ્ઞાયક જ છે. બે વાર શબ્દ લઈ લીધા એમાં, પણ ભેદ એમાં નથી. જ્ઞાયક જ્ઞાયક જ છે.